દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

બુધવાર ૧૯ માર્ચ, ૨૦૨૫

# મધ્ય પૂર્વમાં ફરીથી ભીષણ યુદ્ધના ભણકારાઃ ફરીથી વિશ્વભરમાં ચિંતાઓ

છેલ્લા કેટલાક સમયથી મધ્યપૂર્વમાં ઇઝરાયેલ અને હમાસના યુદ્ધમાં સંપૂર્ણ નહીં તો યે ઘણે અંશે શાંતિ હતી, જ્યાં એક તકલાદી યુદ્ધ વિરામ અમલમાં હતો. આ યુદ્ધ વિરામનો પહેલો તબક્કો પુરો થયો તેના પછી બીજા તબક્કા માટે બે સપ્તાહ જેટલા સમયથી વાટાઘાટો થઇ શકી ન હતી અને છેવટે આ યુદ્ધ વિરામનો અંત આવી ગયો દેખીતી રીતે લાગે છે જ્યારે ઇઝરાયેલે મંગળવારે વહેલી સવારે ગાઝા પટ્ટીના વિસ્તારોમાં હવાઇ હુમલાઓ કર્યા હતા, જેમાં મહિલાઓ અને બાળકો સહિત ૪૦૦થી વધુ પેલેસ્ટાઇનીઓ માર્યા ગયા હતા. મુસ્લિમોના પવિત્ર રમઝાન માસ દરમ્યાન જ આ હુમલાઓ ફરી શરૂ થયા છે અને તેમણે હમાસના કબજામાં રહેલા બાકીના બંધકોના ભાવિ સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. હમાસના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતુ કે યુદ્ધ તરફ પાછા વળવાનો નેતાન્યાહુનો નિર્ણય એ બાકીના બંધકો માટે દેહાંતદંડ સમાન છે. હમાસની આ ધમકી ભયંકર છે અને તે ફરીથી ભારે યુદ્ધ ભડકાવી શકે છે.

યુદ્ધ વિરામનો પહેલો તબક્કો બે સપ્તાહ પહેલા જ પુરો થઇ ગયો હતો અને ત્યારબાદ બીજા તબક્કા અંગે કોઇ મંત્રણા શરૂ થઇ શકી ન હતી તેથી ઘણા પેલેસ્ટઇનીઓને લાગતુ હતુ કે હવે ફરીથી યુદ્ધ શરૂ થઇ શકે છે અને તેમની ધારણા કદાચ સાચી પડી છે. પ્રથમ તબક્કામાં હમાસે લગભગ 2,000 પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં 25 ઇઝરાયલી બંધકોને મુકત કર્યા હતા અને કેટલાક મૃતદેહો પરત કર્યા હતા. પરંતુ પક્ષો બાકીના 59 બંધકોને મુક્ત કરવાના માર્ગ પર આગળ વધવા સંમત થઇ શક્યા નથી. નેતાન્યાહુ ઇઝરાયેલમાં ભારે ભીંસમાં છે. એક તો તેમની સામે બંધક કટોકટીને યોગ્ય રીતે હાથ નહીં ધરવાના આક્ષેપો પ્રજા તરફથી થઇ રહ્યા છે. બીજી બાજુ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો પણ છે. આ હુમલા પછી આ કાર્યવાહીમાં તેમની પૂછપરછ રદ થઇ છે. વળી એક કટ્ટર યહુદી પાર્ટી કે જે યુદ્ધ વિરામ વખતે ગઠબંધન છોડી ગઇ હતી તે હવે ગઠબંધનમાં પાછી ફરી છે એટલે હાલ તો તેમની સરકાર બચી ગઇ છે. તેઓ કદાચ પોતાની જાતને અને સરકારને બચાવવા યુદ્ધે ચડ્યા છે પણ આ તેમને ભવિષ્યમાં વધુ મોંઘુ પડી શકે છે. હમાસના હાથમાં પકડાયેલા બંધકોના પરિવારોના જૂથે આ યુદ્ધ ફરી શરૂ કરવા બદલ નેતાન્યાહુ સરકારની ટીકા કરી છે અને કહ્યું છે કે સરકારે બંધકોને તેમના હાલ પર છોડી દેવાનું પસંદ કર્યુ છે. અમને એ વાતથી આઘાત લાગ્યો છે અને રોષ જન્મ્યો છે કે અમારા સ્વજનોને પરત લાવવાની પ્રક્રિયા ઇરાદાપૂર્વક ખોરવી નાખવામાં આવી છે એમ હોસ્ટેજ એન્ડ મિસિંગ ફેમીલીઝ ફોરમે એક નિવેદનમાં જણાવ્યું હતું. દેખીતી રીતે સ્થિતિ ઘણી જ મુશ્કેલ છે અને તે આખી દુનિયાને ચિંતા કરાવે તેવી છે

## પિંજરાના પંખી

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ગામના શેઠ ચંદ્રપ્રકાશના છ વર્ષના દીકરાને પંખીઓ પર બહુ પ્રેમ હતો. ઘણા બધા પંખી તેમના ઘરના આંગણામાં રમવા આવતા, ત્યારે તે પંખીઓ સાથે ભરપૂર રમતો... પંખીઓને ભરી ભરીને દાણા ખવડાવતો... પાણી પીવડાવતો અને દાણા ખાઈ પાણી પીને પંખીઓ ફર ફર ઉડી જતા. તે જોઈને નાનકડો દીકરો ખુશ ખુશ થઈ જતો.

એક દિવસ દીકરાએ પિતા પાસે પોતાના મનની ઈચ્છા પ્રગટ કરતાં કહ્યું, 'પિતાજી, શું હું આ ચકલી, કબૂતર, પોપટની જેમ ઉડી ના શકું?' પિતાજીએ વ્હાલથી કહ્યું, 'ના દીકરા એ પંખીઓને પંખ છે અને આપણને પંખ નથી એટલે આપણે ઉડી ન શકીએ.' દીકરાએ કહ્યું, 'પિતાજી, તો પછી હું ચકલી, કબૂતર, પોપટ સાથે હંમેશા માટે રમી શકું પણ તેઓ સાંજે ઉડી ન જાય અને મારી પાસે જ રહે અને મને મન થાય ત્યારે હું તેમની સાથે રમી શકું એવું કંઈ થઈ શકે?'

પિતાજીએ પોતાના લાડકા દીકરાની વાત સાંભળીને કહ્યું, 'એવું થઈ શકે હું કાલે જ તારા માટે ચકલી, પોપટ, કબૂતર લઈ આવીશ.'



ચંદ્રપ્રકાશના પત્નીએ પૂછ્યું, 'તમે દીકરાની આ ઈચ્છા કઈ રીતે પૂરી કરશો?' શેઠ ચંદ્રપ્રકાશએ કહ્યું, 'મારો દીકરો મારી પાસે જે વસ્તુ માંગે અને એ હું તેને ના આપું એવું કંઈ બને? હું બજારમાંથી ખાસ વધારે દામ આપીને પણ ચકલી, પોપટ અને કબૂતર ખરીદીને લઈ આવીશ.'

સાંજે ચંદ્રપ્રકાશ ઘરે આવ્યા તેમના હાથમાં ત્રણ પિંજરા હતા. તેમાં ચકલી, પોપટ અને કબૂતર ત્રણેય પંખીઓ ઉદાસ થઈને પિંજરામાં પુરાઈને ગુમસુમ બેઠા હતા. તેમને જોઈને પુત્ર બહુ રાજી થયો પણ તરત જ તેનો રાજીપો હવામાં ઊડી ગયો. પંખીઓને જોઈને તેણે કહ્યું, 'પિતાજી આ પંખીઓ બહુ ઉદાસ કેમ છે?' પિતાજીએ કહ્યું, 'દીકરા, હમણાં તો નવા નવા મહેમાન છે. નવું પિંજરું છે, નવું વાતાવરણ છે. જોજે એક બે દિવસમાં હળી મળી જશે, પછી તારી સાથે રમશે, હસશે અને કુદશે પણ તને મજા આવશે.' બીજે દિવસે ચંદ્રપ્રકાશ સાંજે કામથી આવ્યા તો ત્રણેય પિંજરા ખાલી હતા. પિંજરામાં ન ચકલી હતી, ન પોપટ, ન કબૂતર તેમણે પત્નીને પૂછ્યું, 'પંખીઓ ક્યાં ગયા?' પત્નીએ કહ્યું, 'તમારા લાડલાને પૂછો મને નહીં...' ચંદ્રપ્રકાશએ દીકરાને પૂછ્યું, 'હું તારા માટે આ ચકલી, પોપટ અને કબૂતર લાવ્યો હતો તે ક્યાં ગયા?' નાનકડા દીકરાએ કહ્યું, 'પિતાજી, હું તેમને પિંજરામાં કેદ જોઈ શકતો ન હતો. પિંજરામાં તેઓ બહુ ઉદાસ હતા એટલે મેં તેમને ઉડાડી દીધા.' ભોળા ભાવે સાચો જવાબ આપીને તે તો આકાશમાં ઉડતા પંખીઓને જોવા લાગ્યો. સાચી ખુશી જેને પ્રેમ કરીએ તેને ખુશ જોવામાં છે. પોતાની સાથે બાંધી રાખવામાં નહીં.

# શું મોદીએ ગુજરાત રમખાણો પર પોતાના મનની વાત કહી દીધી છે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા રમખાણો પર કોઈપણ ચર્ચા કે ચર્ચામાં જોડાવાનો ઈનકાર કર્યો છે.

મોદીએ રમખાણો પરના પ્રશ્નોથી દૂર રહેવાનો પ્રયાસ કર્યો છે અને કહ્યું છે કે કોઈ પણ ચર્ચાથી કોઈ હેતુ સિદ્ધ થશે નહીં કારણ કે, ગુજરાત આગળ વધ્યું છે અને તેના પાઠ શીખ્યું છે. જો કે, અમેરિકામાં કમ્પ્યુટર સાયન્ટીસ્ટ અને પોડકાસ્ટર લેક્સ ફ્રિડમેન સાથેના પોડકાસ્ટમાં, મોદીએ ભારતમાં સૌથી ખરાબ કોમી હિંસામાથી એક તરફ દોરી જતી ઘટનાઓ પર પોતાનો વિચાર વ્યક્ત કર્યો છે.

પ્રથમ, મોદીએ ૨૦૦૨ની ગોધરા ઘટનાને 'અકલ્પનીય તીવ્રતાની દુર્ઘટના' ગણાવી હતી જેમાં ૫૯ લોકોને ટ્રેનમાં જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા.

જો કે, તેમણે દલીલ કરી હતી કે ત્યારબાદ થયેલા રમખાણો ગુજરાતે જોયેલા સૌથી ખરાબ રમખાણો ન હતાં, તેમણે કહ્યું હતું કે તેઓ મુખ્યમંત્રી બન્યા તે પહેલાં રાજ્યમાં કોમી હિંસાનો લાંબો ઈતિહાસ હતો.

૧૬ માર્ચે પ્રકાશિત ફ્રિડમેન સાથેની ૩ કલાકની વાતચીતમાં, વડા પ્રધાને એમ પણ કહ્યું હતું કે રમખાણોની આસપાસ ખોટી વાર્તા ફેલાવવામાં આવી હતી. રાજકીય વિરોધીઓ દ્વારા તેમની સરકારને દોષી ઠેરવવાના પ્રયાસો છતાં, અદાલતોએ તેમને નિર્દોષ ગણાવ્યા હતા. 'આ અત્યાર સુધીના સૌથી મોટા રમખાણો હતા તેવી ધારણા ખરેખર ખોટી માહિતી છે. જો તમે ૨૦૦૨ પહેલાના આંકડાઓની સમીક્ષા કરો, તો તમે જોશો કે ગુજરાતમાં વારંવાર રમખાણો થયા હતા. ક્યાંકને ક્યાંક સતત કર્ફ્યુ લાદવામાં આવી રહ્યો હતો. પતંગ ઉડાવવાની સ્પર્ધાઓ અથવા તો સાયકલ અથડાવા જેવા નજીવા મુદ્દાઓ પર સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી શકે છે,' મોદીએ કહ્યું. '૨૦૦૨ પહેલા, ગુજરાતમાં ૨૫૦થી વધુ મોટા રમખાણો થયા હતા. ૧૯૬૯માં થયેલા રમખાણો લગભગ ૬ મહિના ચાલ્યા. તેથી, હું પદ પર આવ્યો તે પહેલાંનો એક લાંબો ઈતિહાસ હતો'

વડા પ્રધાને કહ્યું કે જ્યાં દર વર્ષે કોઈને કોઈ રીતે રમખાણો થતા હતા, ૨૦૦૨ પછી, ૨૨ વર્ષોમાં, ગુજરાતમાં એક પણ મોટું રમખાણ થયું નથી. ગુજરાત સંપૂર્ણપણે શાંતિપૂર્ણ રહ્યું છે. જો કે, મોદીએ સ્પષ્ટપણે સ્વીકાર્યું કે જ્યારે તેમણે મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારે તેઓ વહીવટમાં નવા હતા અને તેના થોડા સમય પછી જ રમખાણો થયા. ગોધરા ઘટના તેઓ પહેલી વાર ચૂંટાયેલા પ્રતિનિધિ બન્યા તેના માત્ર ૩ દિવસ પછી બની હતી. શું રમખાણો થયા તે પહેલાં ગુજરાત જ્વાળામુખી પર બેઠું હતું? ૨૦૦૨ના રમખાણો તરફ દોરી ગયેલી ગોધરા ઘટનાને યાદ કરતાં, મોદીએ કહ્યું કે તે ભારત અને વૈશ્વિક સ્તરે મોટા ત્રાસવાદી હુમલાઓ થઈ રહ્યા હતા તેની સાથે તે 'અત્યંત અસ્થિર' સમય હતો.

**મોદીને હજુ પણ દુઃખ છે કે સાબરમતી એક્સપ્રેસમાં આગ લગાડ્યા પછી થયેલા રમખાણોમાં તેમની છબી ખરાબ કરવાનો એક સુનિયોજિત પ્રયાસ કરવામાં આવ્યો હતો**

તેમણે ૧૯૯૯ના કંદહાર હાઈજેકિંગ અને ૨૦૦૦ના લાલ કિલ્લા પરના હુમલાથી લઈને અમેરિકામાં ૯/૧૧ના ત્રાસવાદી હુમલા અને ડિસેમ્બર ૨૦૦૧માં ભારતની સંસદ પર થયેલા હુમલા સુધી ભારત અને વિશ્વને હચમચાવી નાખનારા અનેક સંકટોનું વર્ણન કર્યું. ગુજરાતનો માહોલ ત્રાસવાદથી ખૂબ જ હચમચી ગયો હતો, આવા વાતાવરણમાં, નાનો તણખો પણ અશાંતિ ફેલાવી શકે છે. પરિસ્થિતિ પહેલાથી જ અત્યંત અસ્થિર બની ગઈ હતી. આવા સમયમાં, અચાનક, ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ, મને ગુજરાતના મુખ્યમંત્રી બનવાની જવાબદારી સોંપવામાં આવી. આ એક મોટો પડકાર હતો.'

તેમણે કહ્યું કે ગુજરાત હજારો લોકોના મોતને ભેટેલા વિનાશક ભૂકંપમાંથી બહાર આવી રહ્યું હતું અને મુખ્યમંત્રી તરીકે તેમનું પહેલું મોટું કાર્ય બચી ગયેલા લોકોના પુનર્વસનનું નિરીક્ષણ કરવાનું હતું.

'આ એક મહત્ત્વપૂર્ણ કાર્ય હતું અને શપથ લીધા પછીના પહેલા દિવસથી જ, મેં મારી જાતને તે કાર્યમાં ડૂબાડી દીધી. હું એવો વ્યક્તિ હતો જેને સરકાર સાથે કોઈ પૂર્વ અનુભવ ન હતો. હું ક્યારેય કોઈ વહીવટનો ભાગ રહ્યો ન હતો, પહેલા ક્યારેય સરકારમાં પણ સેવા આપી ન હતી. મેં ક્યારેય ચૂંટણી લડી ન હતી, ક્યારેય રાજ્ય પ્રતિનિધિ પણ રહ્યો ન હતો. મારા જીવનમાં પહેલીવાર, મેં ચૂંટણીમાં ભાગ લીધો' તેમણે કહ્યું.

'મને રાજ્યનો પ્રતિનિધિ બન્યાને માત્ર ત્રણ દિવસ થયા હતા ત્યારે અચાનક ગોધરાકાંડની ભયાનક ઘટના બની. તે અકલ્પનીય તીવ્રતાની દુર્ઘટના હતી, લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા', એમ મોદીએ કહ્યું. મોદીએ કહ્યું કે રાજ્યમાં છેલ્લા ૨૨ વર્ષોમાં એક પણ મોટું રમખાણ જોવા મળ્યું નથી. તેમણે આનો શ્રેય તેમની સરકારની 'વોટ-બેંક રાજકારણ'થી દૂર જઈને સમાવેશી વિકાસ એજન્ડાની તરફેણ કરવાની નીતિને આપ્યો. આજે, ફક્ત થોડા લોકો જ મોદીના આ દાવા સાથે અસંમત થશે કે ગુજરાત સાંપ્રદાયિક તણાવના ભૂતકાળમાંથી આર્થિક વિકાસ અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનું મોડેલ બન્યું છે. તેમણે ભાર મૂક્યો છે કે તેમની સરકારે 'તુષ્ટિકરણની રાજનીતિથી મહત્વાકાંક્ષાની રાજનીતિ' તરફ વળ્યા છે, ખાતરી કરી છે કે તમામ સમુદાયોના લોકો રાજ્યના વિકાસમાં યોગદાન આપે. મોદીને હજુ પણ દુઃખ એ છે કે સાબરમતી એક્સપ્રેસમાં આગ લગાડ્યા પછી થયેલા રમખાણોમાં તેમની છબી ખરાબ કરવાનો એક સુનિયોજિત પ્રયાસ કરવામાં આવ્યો હતો.' આટલી કાનૂની તપાસ તેમની સરકાર પર તપાસ એજન્સીઓ અને અદાલતો દ્વારા કરવામાં આવી હતી તેટલી અન્ય કોઈ સરકારે કરી નથી. કડક કાનૂની તપાસ. મોદી આટલા વર્ષો પછી પણ તેમના પર થયેલા આરોપોને ભૂલી શક્યા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ઘર માંડી જો, વર શોધી તો જો

સંયુક્ત કુટુંબો હવે તૂટતાં જાય છે અને આજકાલની યુવા પેઢીને પરિવારથી અલગ રહેવાનો અભરખો જાગ્યો છે, પરંતુ કુટુંબથી અલગ રહેવામાં વિવિધ મુશ્કેલીઓ આવતી હોય છે. આજની મોંઘવારીમાં પૂરતી આવક કે સારો પગાર ન હોય તો ઘરનું તંત્ર ચલાવવાની મુસીબત ઊભી થાય છે. અલગ રહેતો યુવાન શરૂઆતમાં ભાડાના ઘરમાં રહેવા લાગે છે. પરંતુ પોતાનું ઘર બનાવવાની તમન્ના જાગે એટલે અનેક મુશ્કેલીઓ વેઠીને છેવટે બેન્કમાંથી લોન લઈને પણ ઘર બાંધે છે અને પોતાનો ઘર સંસાર માંડે છે અને જ્યારે દીકરો-દીકરી ઉંમરલાયક થાય એટલે તેનાં લગ્ન લેવાં પડે છે. પુત્ર તો ભણેલો ગણેલો હોય એટલે સામેથી માંગાં આવતાં હોય છે. જ્યારે પુત્રીના લગ્ન માટે મુરતિયો (વર) શોધવો પડે છે. પુત્રીના લગ્નના લેખ વિધાતાએ લખેલા જ હોય છે. જે યુવાન સાથે લગ્ન નક્કી થાય આ બધું નિમિત્તે જ હોય છે. ઘણી વાર પુત્રી માટે વર શોધવા માટે બાપના બુટ-ચંપલનાં તળિયાં ઘસાઈ જતાં હોય છે. આથી ગામડાંમાં ગામઠી ભાષામાં કહેવત છે. ''ઘર માંડી જો, વર શોધી તો જો''આ બધી કહેવતો અનુભવના નિચોડથી પડેલી હોય છે જે યુવા પેઢીએ સમજવું જોઈએ.

**તરસાડા - પ્રવીણસિંહ મહિડા**

### સમાન કાયદો સમાન રીતે લાગુ પડવો જોઈએ

ભાજપના ચૂંટણી ઢંઢેરામાં ત્રણ મુખ્ય મુદ્દાઓ હતાં.. કોમન સિવિલ કોડ, રામ મંદિર અને 370 કલમની નાબુદી. એમાંથી બે પૂરા થયાં. પણ અગ્રતા ક્રમે મૂકી શકાય એ હતું કોમન સિવિલ કોડ. ભાજપ શાસિત રાજ્ય ઉત્તરાખંડમાં યુસીસીને અમલમાં છે, પરંતુ ઉત્તરાખંડમાં આદિવાસીઓને બાકાત રાખવામાં આવ્યા છે. આવી રીતે 'એકને ગોળ અને બીજાને ખોળ'ની નીતિને કારણે ક્યારેય કાયદાનું સંપૂર્ણ અને સજ્જડ રીતે અમલીકરણ થઈ શકતું નથી. જ્યાં સુધી દેશમાં તમામ નાગરિકો પર એક સમાન કાયદો લાગુ પડતો નહીં હોય ત્યાં સુધી જે તે કાયદો ફળદાયી નીવડતો નથી. ગોવામાં 1962થી સમાન નાગરિક સંહિતાનો કાયદો અમલમાં છે. ગુજરાતમાં હવે યુનિફોર્મ સિવિલ કોડના અમલ માટેની તજવીજ હાથ ધરાઈ છે. જેના માટે પાંચ મહાનુભાવોની કમિટિ બનાવવામાં આવી છે. જેમાં હિન્દુ ધર્મ સિવાયના અન્ય કોઈ ધર્મના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો નથી એ નોંધનીય મુદ્દો છે. દેશનું બંધારણ ઘડાતું હતું ત્યારે બંધારણ સભામાં પણ કોમન સિવિલ કોડ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી, પરંતુ દેશમાં વસતા વિવિધ ધર્મ અને સંપ્રદાયના લોકોને ધ્યાનમાં રાખી સૌ નાગરિકોને પોતાનો ધર્મ પાળવાની અને એ રીતે જીવવાની બંધારણીય છૂટ મળી હતી. આજે આટલા વર્ષો પછી એ છૂટ શૂળ બનીને ઉભી છે. કોમન સિવિલ કોડના થોડાક જ મુદ્દાઓ એવા છે કે જે સમજાવટથી સૌ નાગરિકોને 'યુનિફોર્મ સિવિલ કોડ'ના કાયદા હેઠળ લાવી શકાય એમ છે, પરંતુ ભાજપ ઠોકી બેસાડવાની નીતિ અને શૈલીને કારણે લોકો ભડકે છે અને એક સારા કાયદાને અમલમાં લાવી શકાતો નથી.

**સુરત - પ્રેમ સુમેસરા**

### સુરત, સોનાની મૂરત

સુરતનું જમણ, કાશીનું મરણ, એમ જોતા મને અંગત રીતે બેય હાથે લાડવા યાને સુખ જ સુખ છે! સુરત જન્મદત્ત કર્મભૂમિ અને કાશી સાસરું! ખેર, સુરત ભારતના સૌથી સ્વચ્છ શહેરનો એક છે અને તે પણ જેમ કે સિલ્ક સિટી', હીરા નગરી, ધ ગ્રીન સિટી વગેરે તે સૌથી ગતિશીલ હાજર અને એક સમાન વૈવિધ્યસભર વારસો ધરાવે છે ઘણા અન્ય નામો દ્વારા ઓળખાય છે ભુતકાળ. તે શહેરની ભારતમાં જ્યાં બ્રિટીશ લોકો પહેલી ભૂમિ છે. ડચ અને પોર્ટુગીઝ પણ સુરતમાં બિઝનેસ કેન્દ્રો, અવશેષો છે, જે હજુ પણ આધુનિક સુરતમાં રહેલા છે. ૧૬મી સદી દરમ્યાન જ્યારે સુરત સમગ્ર ભારતનું સૌથી ધનાઢ્ય અને વિકસીત શહેર તથા બંદર હતું, મોગલ સામ્રાજ્યના શાહી ખજાનાની મોટા ભાગની આવક અહીંની જકાત અને વેપારથી આવતી હતી. ઉપરાંત સુરત બંદરેથી મક્કાની હજ પઢવા જતા ધાર્મિક લોકોની સંખ્યા પણ વિશેષ રહેતી હતી, આથી સમગ્ર શહેરને ફરતે એક મજબૂત ઊંચો કોટ બનાવવાનું નક્કી થયું અને આ કોટ બન્યા બાદ તેનું નામ 'શેહરે પનાહ' રાખવામાં આવ્યું. તે બાદ નવા બનેલા કોટને 'આલમ પનાહ' નામ આપવામાં આવ્યું! અલબત, તળ સુરતના કોટ વિસ્તારમા સુમારે ૪૦૦ વર્ષથી વધુ પૌરાણિક અને ઐતિહાસિક મંદિરોમા રૂઘનાથપુરા, સતી માતા શેરી સ્થિત દુલેશ્વર મહાદેવ અને જુના અંબાજી, મહાકાળી, આશાપુરા, મહાલક્ષ્મી, સત્યનારાયણ, રણછોડજી, બાલાજી મંદિરો આદિ ઈત્યાદી વિગેરે ધાર્મિક સ્થળોનો સમાવિષ્ટ અત્રેથી થાય છે! ગ્રેટ એન્ડ ગ્રેટર સુરત, સલામ

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

### ટ્રાફિક સેન્સ કેળવાય તેવા શિક્ષણની આવશ્યકતા

માર્ગ સલામતી સંદર્ભે જાગૃતિ કેળવાય તે રીતે ટ્રાફિક નિયમોનું જાહેર આદાન પ્રદાન થાય એવું આયોજન થવું જોઈએ. તમામ જાહેર જગ્યાઓ પર સૂચના સાથે જ માર્ગ સલામતી સંદર્ભે અસરકારક નિયમોની લેખિત જાહેરાતોની જરૂર લાગે છે. અખબાર સહિતના તમામ માધ્યમોમાં ટ્રાફિક સેન્સ જાગૃતિ સંદર્ભે અવિરત હકારાત્મક અભિયાનની આવશ્યકતા છે. પ્રત્યેક નાગરિકને સમજાવવાની જરૂર છે કે એક જ અકસ્માતથી જિંદગીની અત્યાર સુધીની તમે મહામહેનતે મેળવેલી સફળતા એક જ ક્ષણમાં તદ્દન જ શૂન્ય થઈ શકે છે. દેશના યુવા ધનને માર્ગ પર બચાવવા હવે પાઠ્યપુસ્તકોમાં પરીક્ષાઓમાં પણ યોગ્ય ભારાંક આપી 'ટ્રાફિક સેન્સ' કાયમી ધોરણે કેળવાય તે માટેના વિધિવત કાર્ય પણ ખાસ આવરી લેવાની જરૂરિયાત જણાય છે. નિયમ ભંગને કારણે અકસ્માત કરનાર પર ત્વરિત કાયદાકીય સજાના અમલની જોગવાઈ કરો. ઘણું મોડું થયું છે છતાં માર્ગ સલામતી અંગેનું વિધિવત શિક્ષણ તાકીદે અનિવાર્ય જણાય છે. વાહનચાલકો માટે હેલ્મેટ, સીટ બેલ્ટ, લાઈસન્સ જેવા અનેક નિયમો ફરજીયાત થયાં એ સરાહનીય બાબત છે. સાથે જ રોડ પર નિયમ ભંગ કરતાં પગપાળા પ્રવાસીઓ માટે પણ માર્ગ સલામતીના નિયમો જાહેર થવા જોઈએ. અકસ્માતોથી સૌને બચાવવા હોય તો માર્ગ સલામતીનું સતત શિક્ષણ અને અવિરત અમલ જ એક માત્ર માર્ગ છે.

**સુરત - વિજય બારોટ**

### સરકારી અધિકારીઓની કુંડળી ઉઘાડી પણ વિધાયકો મૂંગા કેમ?

ડેપ્યુટી કલેકટર અંકિતા ઓઝાનું લોકર 10 સોનાની બિસ્કિટ 7 લગડી દાગીના મળ્યા. 59 લાખ રોકડ 15 લાખનાં સોનાનાં બિસ્કિટ મળ્યા ગુજરાતમાં કટકીબાજી આપણે નાના કર્મચારીઓને કહેતા હતા. પોલીસ, તલાટી કે ક્લાર્ક પણ તે ખાલી મોહરા જ છે. અસલી રંગત અને કટકી હીરો તો ઉચ્ચ અધિકારીઓ છે. જે આખા ગુજરાતમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગી ગઈ છે. દિવસેને દિવસે ગુજરાતને અંદરથી કોરી ખાય છે. ડબલ એન્જીનથી આગળ ગુજરાતમાં ટ્રિપલ એન્જીન વાળી સરકાર જોવા મળે છે. 162 વિધાયકો ચાલુ સરકારનાં છે. માટે ડબલનાં ટ્રિપલ થાય જેમાં ગુજરાતનાં 25 સાંસદો પણ દિલ્હીમાં બેઠા છે. છતાં ગુજરાતમાં ભ્રષ્ટાચારની ઉધઈ માટે કોઈ નવી દવાની શોધ થઈ નથી. વિજ્ઞાન અને ટેકનોલોજીનાં જમાનામાં પણ જો રાજકીય ઉધઈ માટે દવા નબળી હોય તો જનતા શું કરશે? ખેડૂત શું કરશે? બેરોજગાર યુવા શું કરશે? કર્મચારીઓ શું કરશે? વિધાર્થીઓ શું કરશે? આખા વિશ્વમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે પણ આ ભ્રષ્ટાચારની ઉધઈ રાત દિવસ રોડ રસ્તા, શાળા, મકાન, બ્રિજ, મનરેગા જેવી અનેક યોજનામાં કાળી ઉધઈ રૂપે ઘર કરી ગઈ છે. જો જનતા મતદાન રૂપી દવા નાખીને તેને મારવાનો પ્રયત્ન ન કરે તો આ ગુજરાતમાં તાલુકા અને જિલ્લાની પરિસ્થિતિ જોવા જેવી થશે. હવે વિચારો જો ગુજરાતમાં દુકાળ પડે તો આવા અધિકારીઓને સેવા માટે બહાર નીકળો કહેવામાં આવે તો રાજીનામું આપી ઘરે આરામ કરતાં ન દેખાય તો શું કરે? જાગો જનતા.

**તાપી - હરીશ ચૌધરી**

# ધ સ્ટોરી ઓફ અ રાઈઝિંગ કન્ઝયુમર પાવરહાઉસ

અતિથીની કલમે

ગિરિરાજ સિંહ

(કેન્દ્રીય કાપડ મંત્રી)



**વધતી જતી સમૃદ્ધિ ફેશન, કાપડ અને જીવનશૈલીના ઉત્પાદનોની અભૂતપૂર્વ માંગને વેગ આપી રહી છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારત ચોથું સૌથી મોટું કન્ઝયુમર ડ્યુરેબલ માર્કેટ બની જશે**

**પરિવર્તનનો એક દાયકો - સમૃદ્ધ ભારતનો ઉદય**

એક દાયકા અગાઉ ભારતની વસ્તી આશરે ૧૨૫ કરોડ હતી અને ઉપભોક્તાઓનો ખર્ચ મોટેભાગે જરૂરિયાતને કારણે થતો હતો. ખરીદીની ટેવો આગાહી કરી શકાય તેવી હતી - તહેવારો માટે નવા કપડાં, કાળજીપૂર્વક આયોજિત ખર્ચ અને ખોટા ખર્ચ કર્તા બચત પર ધ્યાન કેન્દ્રિત કરવું. લક્ઝરી બ્રાન્ડ્સનાં વખાણ દૂરથી કરવામાં આવતા હતા અને હાઈ-એન્ડ ફેશન ભદ્ર વર્ગ સુધી મર્યાદિત રહી હતી. પરંતુ આજે, ૧૪૨ કરોડની વસતિ અને ધમધમતા મધ્યમ વર્ગ સાથે, તે જ પરિવાર આત્મવિશ્વાસથી પ્રીમિયમ સ્ટોર્સમાં પ્રવેશ કરે છે, સરળતાથી ઓનલાઈન ખરીદી કરે છે અને ભવ્યતા સાથે જીવનના સીમાચિહ્નોની ઉજવણી કરે છે. ભારત હવે માત્ર વિકસી રહ્યું નથી, તે સમૃદ્ધ છે.

આ બદલાવ ત્રણ ચાવીરૂપ આધારસ્તંભો દ્વારા સંચાલિત છે - વધતી જતી ખરીદશક્તિ, વિકસતી ઉપભોક્તા માનસિકતા અને છેવાડાના માઈલ સુધી ડિજિટલ કનેક્ટિવિટી. આર્થિક પરિવર્તન નોંધપાત્ર રહ્યું છે, જે વધતી જતી આવકો, સરકાર સમર્થિત ઉત્પાદન પહેલો અને ડિજિટલ રીતે સશક્ત ભારત દ્વારા પ્રેરિત છે. વર્ષ ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલા 'ભારત' વિઝને સ્વનિર્ભરતાનો પાયો નાંખ્યો હતો, જેને પ્રોડક્શન-લિન્ક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના અને પીએમ મિત્રા ટેક્સટાઈલ પાર્ક્સ દ્વારા વધુ મજબૂત બનાવવામાં આવ્યો હતો. જેમ જેમ ઉત્પાદનમાં તેજી આવતી ગઈ તેમ તેમ રોજગારીનું સર્જન થતું ગયું અને તેની સાથે નિકાલ જોગ આવકમાં વધારો થવા લાગ્યો, જેણે ભારતીયો જે રીતે ખર્ચ કરે છે તેને નવો આકાર આપ્યો. વપરાશ એ હવે ભારતની વિકાસગાથાની કરોડરજ્જુ છે, જે કાપડ ક્ષેત્રને એક સુવર્ણ યુગમાં આગળ ધપાવવા માટે તૈયાર છે.

**સશક્ત ભારત - આત્મવિશ્વાસથી ભરપૂર, સાહસિક અને મહત્વાકાંક્ષી**

વર્ષો સુધી, આકાંક્ષાઓ વાસ્તવિકતાને વટાવી ગઈ. લોકો સખત મહેનત કરતા હતા, મોટાં મોટાં સ્વપ્નો જોતાં હતાં, છતાં તકો પહોંચની બહાર જ લાગતી હતી. તે પછી, નીતિ-સંચાલિત પરિવર્તનના એક દાયકાએ મહત્ત્વાકાંક્ષાને સિદ્ધિમાં ફેરવી નાખી. આંતરમાળખાનું વિસ્તરણ થયું, ડિજિટલ ઈન્ડિયા આકાર પામ્યું અને આર્થિક સુધારાઓ વિકાસના નક્કર ચાલકો બની ગયા. અસર? આત્મવિશ્વાસથી ભરપૂર ગ્રાહકો ધરાવતો દેશ ગુણવત્તા, શૈલી અને અનુકૂળતાને અપનાવવા તૈયાર છે.

આવકમાં વધારો થયો છે. માથાદીઠ આવક ૨૦૧૪-૧૫માં ૭૨,૮૦૫ હતી તે વધીને ૨૦૨૩-૨૪માં ૧.૮૮ લાખ થઈ છે અને ૨૦૩૦ સુધીમાં ૩.૫ લાખ સુધી પહોંચવાનો અંદાજ છે. આજે, છ કરોડ ભારતીયો વાર્ષિક રૂ. ૮.૩ લાખથી વધુની કમાણી કરે છે - જે ૨૦૧૫ની સંખ્યા કરતાં બમણાથી પણ વધારે છે. આ વધતી જતી સમૃદ્ધિ ફેશન, કાપડ અને જીવનશૈલીના ઉત્પાદનોની અભૂતપૂર્વ માંગને વેગ આપી રહી છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારત ચોથું સૌથી મોટું કન્ઝ્યુમર ડ્યુરેબલ માર્કેટ બની જશે, જે માત્ર પરવડે તેવી ક્ષમતાથી જ નહીં, પણ આકાંક્ષાઓથી પ્રેરિત છે.

કોવિડ પછી ગ્રાહકની વર્તણૂકમાં ફેરફાર ગેમ-ચેન્જર રહ્યો છે. ડિજિટલ સુલભતામાં વધારો થયો, ઓનલાઈન રિટેલ વિકસિત થયું અને યુપીઆઈ વ્યવહારો આસમાને પહોંચ્યા - નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ૨૨૦ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં આશ્ચર્યજનક ૧૮,૫૯૨ કરોડ. આ ડિજિટલ રૂપાંતરણે શહેરી-ગ્રામીણ વિભાજનને દૂર કર્યું છે, જેણે એ સુનિશ્ચિત કર્યું છે કે મેટ્રો સિટી હોય કે નાના શહેરમાં, ભારતીયો હવે વૈશ્વિક અને સ્થાનિક ફેશન ટ્રેન્ડ્સ સુધી અવિરત સુલભતા ધરાવે છે.

ભારતની ફેશન ક્રાંતિ - જ્યાં પરંપરા મહત્વાકાંક્ષાને પૂર્ણ કરે છે

એક સમયે પશ્ચિમી ખ્યાલ, ફાસ્ટ ફેશન હવે યુવાન ભારતીયો માટે જીવનનો એક માર્ગ છે. એક સમયે વિશિષ્ટ બાબત હતી તે હવે પહોંચની અંદર છે, કારણ કે, ઝુડિયો, રિલાયન્સ ટ્રેન્ડ્સ અને શીન જેવી બ્રાન્ડ્સે ૨૦૩૦ સુધીમાં ૧૦ અબજ ડૉલરના ઉદ્યોગને ૫૦ અબજ ડૉલરને આંબી જવાની તૈયારી કરી હતી. પરંતુ આ બદલાવ માત્ર પરવડે તેવી ક્ષમતા વિશે નથી - લક્ઝરી અને હેરિટેજ ટેક્સટાઈલ્સ ઝડપી ફેશનની સાથે સમૃદ્ધ થઈ રહ્યા છે. મહત્વાકાંક્ષી ઘરો ૨૦૨૭ સુધીમાં ૧૦૦ મિલિયનનો આંકડો પાર કરી ગયા છે, ત્યારે હસ્તકલાના કાપડ, રેશમની સાડીઓ અને હાઈ-એન્ડ ડિઝાઈનર વસ્ત્રોમાં પુનરુત્થાન જોવા મળી રહ્યું છે.

આ ક્રાંતિ કોઈ યોગાનુયોગ નથી, સરકાર સંચાલિત પહેલોનું સીધું પરિણામ છે. વચેટિયાઓને કાપીને, કારીગરીના પ્લેટફોર્મને ડિજિટાઈઝ કરીને અને સીધા ગ્રાહકથી-કારીગર જોડાણોને સક્ષમ બનાવીને, ડિજિટલ ઈન્ડિયાએ ફેશનની ખરીદી અને વેચાણ કેવી રીતે કરવામાં આવે છે તેમાં પરિવર્તન લાવ્યું છે. મહારાષ્ટ્રની એક પૈઠણી, કાશ્મીરની એક પશ્મિના - હવે એક બટન દબાવીને એક્સેસ કરી શકાય છે. ફેશનનું આ લોકશાહીકરણ કારીગરોને સશક્ત બનાવી રહ્યું છે, હેરિટેજ ક્રાફ્ટને પુનર્જીવિત કરી રહ્યું છે અને ભારતના ટેક્સટાઈલ વારસાને વૈશ્વિક ફલક પર મોખરે લાવી રહ્યું છે.

**વૈભવ અને વારસો - હવે પહેલા કરતાં વધુ સુલભ**

ભારતીય લગ્નો હંમેશાં ભવ્ય રહ્યાં છે, પરંતુ આજે તે અબજો ડૉલરની આર્થિક શક્તિ છે. ૪૫ અબજ ડૉલરનો લગ્ન ઉદ્યોગ પરંપરાગત વણાટ જૂથોમાં નવા જીવનનો શ્વાસ લઈ રહ્યો છે, જેમાં પરિવારો મોટા પાયે ઉત્પાદન કરતાં કલાત્મકતાની પસંદગી કરે છે. લક્ઝરી હવે લેબલ્સ વિશે નથી, તે વારસા વિશે છે. નવવધૂઓ અને વરરાજાઓ વિશિષ્ટતાની પસંદગી કરી રહ્યા છે, હાથથી વણાયેલા બનારસી રેશમની પસંદગી કરી રહ્યા છે, કાંજીવરમને જટિલ બનાવી રહ્યા છે, અને ભારતના સમૃદ્ધ કાપડ વારસાની ઉજવણી કરતી ડિઝાઈન્સ પસંદ કરી રહ્યા છે.

પરંતુ પરિવર્તન ફક્ત પોશાક પૂરતું મર્યાદિત નથી. જેમ જેમ ભારતનું અર્થતંત્ર ઊંચે ચડતું જાય છે તેમ તેમ તેની લાવણ્યની ભૂખ પણ વધતી જાય છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૩ ની વચ્ચે સ્થાવર મિલકતના ભાવમાં ૩૦% નો વધારો થયો છે અને મોટા, વધુ આધુનિક ઘરો સાથે હસ્તકલાની રાચરચીલું, ડિઝાઈનર અપહોલ્સ્ટ્રી અને હેરિટેજ સુશોભનની માંગ આવે છે. આધુનિક ઘરો હવે ભારતીય કારીગરીનું પ્રદર્શન કરે છે, જે હાથથી બનાવેલા કાપડની માંગને ફેશનથી આગળ આંતરિક અને વૈભવી જીવન તરફ દોરી જાય છે.

**ભારતના વૈશ્વિક ફેશન નેતૃત્વની શરૂઆત**

ભારતનો કાપડ ઉદ્યોગ હવે માત્ર ઉત્પાદન પૂરતો જ રહ્યો નથી - તે નવીનતા, ડિઝાઈન અને વૈશ્વિક પ્રભાવ વિશે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, 'મેક ઈન ઈન્ડિયા', 'ડિઝાઈન ઈન ઈન્ડિયા' તરીકે વિકસિત થયું છે, જ્યાં ભારતીય સર્જનાત્મકતા આંતરરાષ્ટ્રીય ફેશનને આકાર આપે છે. સરકારે સંશોધન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને સમૃદ્ધ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપ્યું છે, જેણે અપ્રતિમ આર્થિક વિકાસ માટેનો માર્ગ મોકળો કર્યો છે. ટેક્સટાઈલ, ટૂરિઝમ અને ટેકનોલોજી એમ ત્રણ ટી પર કામ કરીને ભારત વિકસિત ભારતનો પાયો નાંખશે.

તાજેતરના બજેટમાં કાપડને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, ત્યારે ૧૩૬ અબજ ડૉલરનો સ્થાનિક ઉદ્યોગ ૨૦૩૦ પહેલાં જ ૨૫૦ અબજ ડૉલરને વટાવી જશે, જેણે વૈશ્વિક નેતા તરીકે ભારતની સ્થિતિને પુષ્ટિ આપી છે. ખાનગી વપરાશ ૨૦૧૩માં ૮૭ લાખ કરોડથી વધીને ૨૦૨૪માં ૧૮૩ લાખ કરોડ થયો છે. ૨૦૩૦ સુધીમાં જીડીપી ૬૩૫ લાખ કરોડને આંબી જવાનો અંદાજ છે અને જીડીપીમાં ખાનગી વપરાશનો હિસ્સો આશરે ૬૦ ટકા રહેશે. આ બદલાવ ભારતને વૈશ્વિક વપરાશનું પાવરહાઉસ બનાવશે, જે અમેરિકા, ચીન અને જર્મની જેવા વિકસિત રાષ્ટ્રોને પણ પાછળ છોડી દેશે.

પરંતુ ભારતનો ઉદય માત્ર કેટલો વપરાશ થઈ રહ્યો છે તે વિશે જ નથી - તે શું મૂલ્ય આંકવામાં આવી રહ્યું છે તેના વિશે છે. એક સમયે પ્રોડક્શન હબ તરીકે જોવામાં આવતો ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગ હવે વૈશ્વિક ફેશન ટ્રેન્ડ સેટ કરી રહ્યો છે. વિશ્વ માત્ર તેની કારીગરી માટે જ નહીં, પરંતુ તેની દ્રષ્ટિ, લાવણ્ય અને વારસાને આધુનિકતા સાથે મિશ્રિત કરવાની ક્ષમતા માટે પણ ભારત તરફ જુએ છે.

**આ નવું ભારત છે - નિર્ભય, સ્વ-નિર્મિત અને અટકાવી ન શકાય તેવું**

પણ આ તો માત્ર શરૂઆત છે. નવું ભારત તકોની રાહ જોતું નથી, તે તેમને પેદા કરે છે. ફેશન હવે માત્ર ફેશન નથી રહી, કરિયર છે. યુવા ભારતીયો માત્ર ટ્રેન્ડને જ ફોલો નથી કરી રહ્યા, તેઓ તેને સેટ કરી રહ્યા છે. તેઓ બ્રાન્ડ્સ લોન્ચ કરી રહ્યા છે, વ્યવસાયોનું નિર્માણ કરી રહ્યા છે અને અર્થતંત્રને આકાર આપી રહ્યા છે.

ભારતના યુવાનોને - નોકરી શોધનારાઓ નહીં પણ નોકરી આપનારાઓ બનો. તમારી શૈલી, તમારી મહત્વાકાંક્ષા, તમારા વિચારો - આ ભારતના અર્થતંત્રનું ભવિષ્ય છે.અને તે વેશભૂષા પર અટકતી નથી. જેમ જેમ ભારતનું અર્થતંત્ર ઊંચે ચડતું જાય છે તેમ તેમ તેની લાવણ્યની ભૂખ પણ વધતી જાય છે. વધતી આવક, ડિજિટલ સુલભતામાં વધારો અને વધતી જતી વસતીને કારણે ભારત માત્ર વૈશ્વિક ફેશન ઉદ્યોગમાં જ ભાગ લઈ રહ્યું નથી - તે તેનું નેતૃત્વ પણ કરી રહ્યું છે. પિરામિડના તળિયેથી ટોચ સુધી, આકાંક્ષાઓ વધી રહી છે, પસંદગીઓ વિસ્તરી રહી છે અને નવા ભારતની વ્યાખ્યા મર્યાદાઓ દ્વારા નહીં, પરંતુ શક્યતાઓ દ્વારા કરવામાં આવી રહી છે.